અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને વાહન ભથ્થુ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૨૦૧૨/૪૪૮૭/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪/૭/૨૦૧૫

**વંચાણમાં લીધા :–**

૧ નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૯૮/૩૬/મ, તા.૨૦/૫/૯૮

૨ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરનો તા.૨૯/૨/૨૦૧૨ નો પત્ર ક્રમાંક : ડી/ટ્રા.એલા./૪૧૩/૨૦૧૨

૩ ગૃહ વિભાગનો તા.૧૭/૭/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક : TFK/10/2013/314859/T

**ઠ રા વ :–**

ઉપર વંચાણે લીધેલ ક્રમ–૧ માં દર્શાવેલ નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૯૮/૩૬/મ, તા.૨૦/૫/૯૮ થી રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓને વાહન ભથ્થુ ચુકવવાના હુકમો થયેલ છે.

અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને વાહન ભથ્થાની અવેજીમાં, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસોમાં વિના મુલ્યે મુસાફરીની સવલત આપવામાં આવેલ છે તથા તેના બદલામાં અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસને દર વર્ષે નિયત રકમ ચુકવવાના હુકમો દર વર્ષે કરવામાં આવે છે.

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદના ઉપર વંચાણે લીધેલ ક્રમ–૨ માં દર્શાવેલ તા.૨૩/૩/૧૧ ના પત્રથી અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ થી એ.એસ.આઈ. કક્ષા સુધીના પોલીસ કર્મચારીઓને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસોમાં વિના મુલ્યે મુસાફરીની સવલત બંધ કરીને વાહન ભથ્થુ ચુકવવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ.

પુખ્ત વિચારણાને અંતે વંચાણમાં લીધેલ ક્રમાંક(૩)ના ઠરાવથી અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ થી એ.એસ.આઈ. કક્ષા સુધીના પોલીસ કર્મચારીઓને તા.૧/૮/૨૦૧૫ ની અસરથી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસોમાં વિના મુલ્યે મુસાફરીની સવલત બંધ કરવાના હુકમો કરવામાં આવેલ છે. આથી હવે નાણા

વિભાગના ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૯૮/૩૬/મ, તા.૨૦/૫/૯૮ ના ઠરાવની જોગવાઈ મુજબ તથા વખતો વખત થયેલ/થનાર સુધારા મુજબ અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ થી એ.એસ.આઈ. કક્ષા સુધીના પોલીસ કર્મચારીઓને મળવાપાત્ર વાહન ભથ્થુ ચુકવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૯/૬/૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ હુકમો, તા.૦૧/૮/૨૦૧૫ થી અમલમાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઈ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી( વહીવટ ), ગુજરાત રાજય ,ગાંધીનગર
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ
- સંયુકત પોલીસ કમિશનરશ્રી(વહીવટ), અમદાવાદ શહેર, અદાવાદ
- સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ, જુથ–૨, અમદાવાદ
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ
- ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી/ચ–શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ટ–શાખા, આર–શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઈ.ટી.–સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતીસહ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ
- શાખા સીલેકટ ફાઈલ.